ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 16th May, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

.........................................................................., ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા

### વિશ્વ પર્યાવરણ દિવસની પર્યાવરણીય વેશભૂષા સ્પર્ધા સાથે થશે ઉજવણી.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર સંવર્ધિત અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાન સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતિ લાવવા ૧૫ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી માટે અનેકવિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે. જેના અનુસંધાને તા. ૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા "Connecting People to Nature" "પર્યાવરણ સાથે માણસોને જોડવા" વિષય પર ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને પર્યાવરણીય વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે.

**૧. ચિત્ર સ્પર્ધા** કુલ ત્રણ વિભાગમાં યોજાશે. જેમાં પ્રથમ વિભાગમાં ૧ થી ૧૨ વર્ષાના, બીજા વિભાગમાં ૧૩ થી ૨૨ વર્ષના અને ત્રીજા વિભાગમાં ૨૩ વર્ષથી મોટી ઉંમરના કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકશે. પ્રત્યેક વિભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ કુલ મળીને ૯ (નવ) ઇનામો આપવામાં આવશે.

**૨. નિબંધ સ્પર્ધા**માં ભાગલેવા ઈચ્છુક લોકોએ સ્વહસ્તાક્ષરે A4 સાઈઝના કાગળમાં ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં ઉપરોક્ત વિષય પર સુવાચ્ય અક્ષરે નિબંધ લખીને **તા.૩૦મી મે, ૨૦૧૭ સુધીમાં નિમ્ન લિખિત સરનામે જમા કરવાનો** રહેશે. નિર્ણાયકશ્રીઓ દ્વારા વિષય વસ્તુ, માળખાગત વિવરણ / રજૂઆત, અક્ષર સ્વચ્છતા, વિષય સબંધિત સુવાક્યો / કવિતા વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન કરવામાં આવશે.

**૩. પર્યાવરણીય વેશભૂષા** સ્પર્ધા માટે "પર્યાવરણ સાથે માણસોને જોડવા" વિષય આધારિત માનવના પર્યાવરણ સાથેના જોડાણને સમજાવતા પોષક પહેરીને સ્પર્ધકે ભાગ લઈ પોતાની વેશભૂષા અંગે ૨ મીનીટમાં રજૂઆત કરવાની રહેશે. દરેક સ્પર્ધામાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર સ્પર્ધકને રોકડ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવશે. ઉપરાંત ભાગ લેનાર તમામ સ્પર્ધકને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

ઉપરોક્ત સ્પર્ધાઓમાં રસ ધરાવનાર વ્યક્તિઓને ભાગ લેવા માટે **તા.૩૦મી મે, ૨૦૧૭ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.** રજીસ્ટ્રેશન માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્લોટ નં. ૨૨૦૬/એ, પંજાબ નેશનલ બેંક વાળી ગલી, સંસ્કાર મંડળ, ભાવનગર (ફોન નં. ૦૨૭૮ ૨૫૭૦૧૧૧ / ૧૧૦) ખાતે સવરે ૧૦ કલાકથી સાંજે ૫ કલાક દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવા લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડ દ્વારા જણાવેલ છે.

16.5.17
(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.